## <u>સુરત મહાનગરપાલિકા</u>

### <u>મોજે લિંબાયત–ડીંડોલી વિસ્તારની નગર રચના યોજના, સુરત નં.૪૦ (લિંબાયત–ડીંડોલી) તૈયાર કરવા બાબત.</u>

### અધિસૂચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ –૨૨ ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૨૭–૧–૮૪ નાં ઠરાવ નં.૬૨૬(૧૦) થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ (પ્રેસીડન્ટ એકટ નં.૨૭) ની કલમ–૪૧ ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૬/૨000, તા.૨૭–૦૧–૨000 થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૪૦ માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ લિંબાયત–ડીંડોલી વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૪૦ (લિંબાયત–ડીંડોલી) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ,સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફીસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત.
તા. ૨૭/૧/૨000

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

<u>ઠરાવઃ–</u>

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૨૭–૦૧–૨000 ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

×××××

મ્યુ.કમિશ્નરશ્રીનાં તા.૧૫–૧૨–૧૯૯૯ નાં પત્ર નં. સીમીસ/૮/૩૭ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતિ ધ્યાને લઈ , સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ સુરત મહાનગરપાલિકાની હદમાં સૂચિત મુસદ્દારુપ નગર રચના યોજના સુરત નં.૪૦ (લિંબાયત–ડીંડોલી) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી બતાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં.૪૦ (લિંબાયત–ડીંડોલી) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું,ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસૂચન મંજુર કરવાનું તથા સદર અધિસૂચનનો બહોળો ફેલાવો કરવા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક–એક વખત પ્રસિધ્ધ કરવાનું અને ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાાં આવે છે.

ઠરાવ નં. ૬ /૨000 સર્વાનુમતે મંજુર.